
આજીવિક ધર્મ
પુનઃ ઉત્થારક

ॐकार संप्रदाय
(धार्मिक आध्यात्मिक पथ)

# ૐકાર સંપ્રદાય

## ધાર્મિક – આધ્યાત્મિક પથ

RNI No.: GUJGUJ/2015/65690
વર્ષઃ ૧૧ |અંકઃ ૧૧| મે - ૨૦૨૬
કિંમતઃ ૧૦/-



# જાહેર આમંત્રણ



શ્રી ક્ષેત્રપાળવીર દાદા

## ચાલો ૐકારધામ તીર્થની ધન્ય ધરા ઉપર
## ૐકારધામ તીર્થની બારમી સાલગીરી
## નિમિત્તે



ૐકાર શ્રી જીરાઉલા પાર્શ્વનાથ ભગવાન

# ધજા મહોત્સવ



ૐકારધામ તીર્થની બારમી સાલગીરી નિમિત્તે ધજા મહોત્સવના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આપ સૌ ભક્તજનો આ ધજા મહોત્સવ પ્રસંગમાં ઉપસ્થિત રહો એ માટે આપ સૌને હાર્દિક આમંત્રણ છે.

ૐકારધામ તીર્થની સાલગીરીના દિવસે આપ સૌ ભક્તો માટે આ પ્રસંગમાં ઉપસ્થિત રહેવા માટે ૐકાર સંપ્રદાય શક્તિપીઠ આશ્રમ, પાલડી, અમદાવાદથી બસોની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

આપ આ પ્રસંગમાં બસ દ્વારા આવવા માંગતા હોય તો આપનું નામ વહેલા તે પહેલાના ધોરણે નોંધાવી દેવા નમ્ર વિનંતી છે.

**શુભ તારીખ**

૧૫-૫-૨૦૨૬, શુક્રવાર
વૈશાખ વદ-૧૩

**નવકારશી (સવારનો નાસ્તો)**

સવારે ૭ થી ૭.૩૦ કલાક સુધી

**ધજા મહોત્સવનો સમય**

સવારે ૮ થી ૧૧ કલાક સુધી

**મહાપ્રસાદ (બપોરનું ભોજન)**

સવારે ૧૧ થી બપોરે ૧૨-૩૦ કલાક સુધી




**શુભ સ્થળ**

## ૐકારધામ તીર્થ,

વિરમગામ-શંખેશ્વર હાઇવે, પાનવા ગામની બાજુમાં, પાનવા, શંખેશ્વર




**સંપર્કસૂત્ર 9376334289**

ॐकार संप्रदाय
(धार्मिक आध्यात्मिक पथ)

# ૐકાર સંપ્રદાય

માસિક મેગેઝીન (પત્રિકા)

**સ્થાપક**

ૐકાર સંપ્રદાયના આર્ષદૃષ્ટા અને સ્થાપક
મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮
પ.પૂ. સંતશ્રી સદ્‌ગુરુ ૐઋષિ સ્વામી

**તંત્રી** કિંજલભાઈ શાહ

**સહતંત્રી** મિહિરભાઈ શાહ

**સંપર્કસૂત્ર**

ૐકાર સંપ્રદાય શક્તિપીઠ આશ્રમ
સેવા સમર્પણ ફાઉન્ડેશન
Trust Reg. No.: E/18590/Ahmedabad
Under 80-G Tax Free (5313/09-10)

ૐકાર ફાઉન્ડેશન ટ્રસ્ટ
Trust Reg. No.: E/20646/Ahmedabad

**સદ્‌ગુરુ ૐઋષિ સ્વામી ચેરીટેબલ ટ્રસ્ટ**
(Trust Reg. No. E/23428/Ahmedabad
CSR No: CSR00045126 | 80G: ABDTS5377GF20221)

૦૦૧, ગ્રાઉન્ડ ફ્લોર , આંગી એપાર્ટમેન્ટ,
અન્નપૂર્ણા પાર્ટી પ્લોટ ની સામે,
નવા વિકાસ ગૃહ રોડ, પાલડી,
અમદાવાદ - ૩૮૦૦૦૭.

E-mail ID : omkarsampraday@gmail.com
E-mail ID :info@sadguruomrushi.org
Website : www.sadguruomrushi.org

મોબાઈલ નંબર - ૮૭૫૮૯૯૯૨૯૭,
૯૪૨૯૨૦૮૯૯૭, ૯૩૭૬૩૩૪૨૮૯

**મુદ્રક**

પ્રિન્ટ વિઝન પ્રા. લી.
આંબાવાડી બજાર, અમદાવાદ - ૬
ફોન નં - (૦૭૯) ૨૬૪૦૫૨૦૦

મે-૨૦૨૬ | પાના નં: ૨૪
વર્ષ: ૧૧ | અંક: ૧૧
કિંમતરૂ.: ૧૦/-


# તંત્રી સ્થાનેથી...



પ્રિય ભક્તજનો,

આવતા મહિનાથી પરમ પૂજ્ય ગુરુજી ૐકાર સંપ્રદાય મેગેઝિનમાં દિવ્ય મંત્રો તેમજ અલગ-અલગ સવાલોની સમજૂતી આપશે. જેમકે હું કોણ છું? ક્યાંથી આવ્યો છું? આ ઉપરાંત ૐકાર ત્રિત્રાંશ ક્રિયાયોગ ભાગ-૧ અને ૨ પર મે મહિનાના અંતથી વધારે ભક્તોને કરાવવામાં આવશે. ૐકારધામ તીર્થની સાલગીરી નિમિતે આપ સર્વ ભક્તો ૐકારધામ તીર્થ પાનવા શ્રી ક્ષેત્રપાળવીરના દર્શનાર્થે પધારો અને ધજાના દર્શન કરીને આપની મનોકામનાની પૂર્તિ કરો.

ૐકાર સંપ્રદાય મેગેઝિનના માધ્યમથી અત્યાર સુધી લાખો ભક્તો પરમ પજ્ય ગુરુજીએ જે દિવ્ય મંત્ર, સાધનાઓ આપી અને એમના જીવનમાં પરિવર્તન લાવ્યા એ સમાજ માટે ઉત્કૃષ્ટ ઉદાહરણ છે.

પરમ પૂજ્ય ગુરુજીએ રચિત કરેલ એક ગઝલરચના અહીં હું આપની સમક્ષ રજૂ કરી રહ્યો છું.

**'ધ્યાન ધરી'**

**ઝાકળને ઝીલ તું ખોબામાં, ખુશ્બુ છે બહુ ગલગોટામાં.**
**સકલ વિશ્વની શાતા મળશે, મુક માથું મારા ખોળામાં.**
**જેટલી ગૂંચમાં ગોથા ખાશો, એટલા પડશો વધુ લોચામાં.**
**કથા કરે છે કોની સામે ? અક્કલ ક્યાં છે એ ડોબામાં ?**
**ઓમકારનો નાદ જગાવી, ધ્યાન ધરી ડૂબો પોતામાં.**

ૐકાર સંપ્રદાય મેગેઝિનમાં આવતા મંત્રો તેમજ દિવ્ય સાધનાઓ દ્વારા આપ સૌના જીવનમાં સકારાત્મક પરિવર્તન આવે તેવી પ.પૂ. સદ્‌ગુરુ ૐઋષિના શ્રીચરણોમાં અભ્યર્થના સાથે ૐ નમઃ...

તંત્રી,
કિંજલભાઈ શાહ

॥ ૐ નમઃ ॥



# ગાયત્રી જયંતીના પાવન દિવસથી કરવાની ચમત્કારિક મંત્રસાધના

ગાયત્રી જયંતી જેઠ મહિનાની શુક્લ પક્ષની એકાદશીના દિવસે મનાવવામાં આવે છે અને આ દિવસે માતા ગાયત્રીનું અવતરણ થયું હતું. ધર્મશાસ્ત્રોમાં માતા ગાયત્રીને વેદમાતાના નામથી ઓળખવામાં આવે છે. માતા ગાયત્રીને દેવી પાર્વતી, દેવી સરસ્વતી અને દેવી લક્ષ્મીજીના સંયુક્ત અવતાર માનવામાં આવે છે.

માતા ગાયત્રીની મંત્રસાધના કરવાથી ઘરમાં સુખ-સમૃદ્ધિ અને માનસિક શાંતિ સ્થપાય છે, આધ્યાત્મિક જાગૃતિ થાય છે, જ્ઞાનમાં વૃદ્ધિ થાય છે, શત્રુઓથી મુક્ત રહેવાય છે તેમજ પરિવારમાં એકતા બની રહે છે.

માતા ગાયત્રીને વેદોનો સાર કહેવામાં આવે છે. બ્રહ્માજી દ્વારા માતા ગાયત્રીની ઉત્પત્તિ થઈ હતી. આ સૃષ્ટિ પર જ્ઞાન-ચૈતન્ય એ ગાયત્રીના સ્વરૂપ છે. શાસ્ત્રો અનુસાર આ સૃષ્ટિના આરંભમાં બ્રહ્માજીના મુખથી ગાયત્રી મંત્ર પ્રગટ થયેલ અને માતા ગાયત્રીની કૃપાથી બ્રહ્માજીએ ગાયત્રી મંત્રની વ્યાખ્યા ચાર વેદોના રૂપમાં કરી હતી.

શરૂઆતમાં માતા ગાયત્રીની મહિમા દેવતાઓ સુધી જ હતી, પરંતુ જેવી રીતે ભગીરથ કઠોર તપ કરીને ગંગામૈયાને સ્વર્ગથી ધરતી ઉપર લઈ આવ્યા તેવી જ રીતે મહર્ષિ વિશ્વામિત્રએ કઠોર તપસ્યા કરીને ગાયત્રી મહિમા અર્થાત્ મંત્રને લોકો સુધી પહોંચાડ્યા. જો માતા ગાયત્રીને મંત્રસાધનાથી સિદ્ધ કરવામાં આવે તો એ કામધેનુ (ઈચ્છા પૂરી કરવાવાળી દૈવીય ગાય) સમાન છે. જેમ ગંગા શરીરના પાપોને ધોઈને તન-મનથી નિર્મળ કરે છે તેવી જ રીતે ગાયત્રીરૂપી બ્રહ્મ ગંગાથી આત્મા પવિત્ર બને છે.

આજે હું આપને માતા ગાયત્રીની કરવાની એક દિવ્ય મંત્રસાધના આપવા જઈ રહ્યો છું. જે આપ ગાયત્રી જયંતીના દિવસથી અચૂક શરૂ કરજો.



|| ૐ નમઃ ||

## ગાયત્રી જયંતીના પાવન દિવસથી ગાયત્રી માતાની મંત્રસાધના કરવાની માહિતી

ગાયત્રી જયંતીના પાવન દિવસથી માતા ગાયત્રીની આરાધના કરવા માટે આજે હું આપને ૩૬ દિવસની મંત્રસાધના આપી રહ્યો છું.

સૌપ્રથમ લાકડાનો એક બાજઠ અથવા પાટલો લેવો. એના ઉપર પીળા કલરનું વસ્ત્ર પાથરવું. ત્યારબાદ એ વસ્ત્ર ઉપર એક મુઠ્ઠી ઘઉંની ઢગલી કરવી અને બે આખી સોપારી સ્થાપનમાં મુકવી. તે પછી નીચે આપેલ ૐ શ્રી ગાયત્રી શક્તિઊર્જા ચક્રનું કટીંગ કરી એનું લેમીનેશન કરાવી સ્થાપનમાં મુકવું. હવે નીચે આપેલ મંત્ર ૧૮ (અઢાર) વખત કરવો. ત્યારબાદ સદ્‌ગુરુ ૐઋષિ રચિત શ્રી નવદુર્ગા ચાલીસાનો પાઠ એકવાર કરવો.

સાધના કેટલા દિવસ કરવી? : આ સાધના ગાયત્રી જયંતીના દિવસથી શરૂ કરીને કુલ ૩૬ દિવસ કરવી. વચ્ચે કોઈ કારણસર દિવસ પડે તો ચિંતા ન કરતા કુલ ૩૬ દિવસ ગણીને આ સાધના પરિપૂર્ણ કરવી.

સાધના કરવાનો સમય : આખા દિવસમાં ગમે તે સમયે કરી શકાય.

સ્થાપન કરવાનો સમય : ગાયત્રી જયંતીના દિવસે સવારે ૮ થી ૧૦ વાગ્યા સુધીમાં સ્થાપન કરવું.


કયા કલરનું વસ્ત્ર પહેરવું? : કોઈપણ કલરનું વસ્ત્ર પહેરીને આ સાધના કરી શકાય.

ઉત્થાપન કરવાનો સમય : સાધના પરિપૂર્ણ થાય એના પછીના દિવસે સવારે ૭ થી ૧૧ વાગ્યા સુધીમાં ઉત્થાપન કરવું. સાધના પૂર્ણ થયા બાદ સ્થાપનમાં મુકેલ બધી વસ્તુઓ ચક્ર સાથે નદીમાં વિસર્જન કરી દેવી.

**એક જ સ્થાપન ઉપર ઘરના અન્ય સભ્યો પણ આ સાધના કરવી હોય તો કરી શકે છે.**

**મંત્ર : ॥ ૐ રક્ષામી ગાયત્રીશક્તિ નમો નમઃ ॥**

### ૐ શ્રી ગાયત્રી શક્તિઊર્જા ચક્ર

| | | |
|---|---|---|
| ॥ ૐ त्रताः ॥ | ॥ ૐ गायत्रीदेवीः ॥ | ॥ ૐ सिद्धादेवीः॥ |
| ॥ ૐ कमलादेवीः॥ |  ॥ ૐ त्रीतामः ॥ | ॥ ९९ः ॥ |
| ॥ ૐ प्रसतः ॥ | ॥ ૐ लक्ष्मीदेवीः ॥ | ॥ ૐ शुभांशुः ॥ |



# નિર્જળા એકાદશી

**“સર્વે એકાદશીઓમાં સર્વશ્રેષ્ઠ એકાદશી એટલે નિર્જળા એકાદશી"**

જેઠ માસની શુક્લપક્ષની એકાદશી નિર્જળા એકાદશી કહેવાય છે. આમ તો પૂરા વર્ષ દરમ્યાન ૨૪ એકાદશીઓ આવતી હોય છે પરંતુ, તેમાં નિર્જળા એકાદશીનું વિશેષ મહાત્મય રહેલું છે. નિર્જળા એકાદશીને જ ભીમસેની એકાદશી પણ કહેવામાં આવે છે. આજના આ કળિયુગમાં નિર્જળા એકાદશીનાં વ્રતને કામધેનું સમાન કહેવામાં આવ્યું છે જેવી રીતે નદીઓમાં ગંગા પ્રકાશક, તત્વમાં સુર્ય અને દેવતાઓમાં ભગવાન વિષ્ણુની પ્રધાનતા છે. તેવી જ રીતે વ્રતોમાં એકાદશી વ્રતની પ્રધાનતા છે. નિર્જળા એકાદશીનાં દિવસે ભગવાન શ્રીહરિ વિષ્ણુની પૂજા- આરાધના કરવામાં આવે છે. કહેવાય છે કે ભગવાન શ્રી વિષ્ણુને આ વ્રત સૌથી વધુ પ્રિય છે. નિર્જળા એકાદશીનું વ્રત કરવાથી પૂરા વર્ષ દરમ્યાન આવતી તમામ એકાદશીના વ્રત કર્યાનું ફળપ્રાપ્ત થાય છે.

નિર્જળા એકાદશીનાં વ્રત વિશે પદ્મ પુરાણોમાં એવી પૌરાણિક કથા છે કે.... કુંતી પુત્ર ભીમ માટે કોઈપણ વ્રત કરવું ખૂબ મુશ્કેલ હતું કારણ કે ભુખ્યા રહેવાનું તેના માટે શક્ય ન હતું. તે એકાદશીનું વ્રત રાખવા માંગતા હતા માટે તેમણે મહર્ષિ વેદવ્યાસજી અને ભિષ્મ પિતામહ પાસેથી માર્ગદર્શન લીધું. ભીમે કહ્યું કે મારાથી એકવાર ભોજન ગ્રહણ કરીને પણ વ્રત નહીં થઈ શકે. મારા ઉદરમાં 'બીક' નામની અગ્નિ હંમેશા પ્રજવલિત રહે છે. હું વર્ષમાં માત્ર એક જ ઉપવાસ રાખી શકુ છું જેનાથી સ્વર્ગની પ્રાપ્તિ સુલભ થાય અને જેને કરવાથી કલ્યાણનો ભાગીદાર રહું. આ વાત સાંભળી વેદવ્યાસ અને ભિષ્મ પિતામહે તેને નિર્જળા એકાદશીનું વ્રત સૂચવતા કહ્યું કે તું આ વ્રત કરી લે તો તને બાકીની ૨૪ એકાદશીનાં વ્રતનું ફળ પણ મળશે. આ સાંભળી ભીમે વ્રત કરવાનો શુભારંભ કર્યો અને માટે જ આ એકાદશીને ભીમસેની એકાદશી તરીકે પણ



|| ૐ નમઃ ||

ઓળખવામાં આવે છે.

નિર્જળા એકાદશીનું આ વ્રત સૂર્યોદયથી સૂર્યાસ્તના સમય સુધી નિરાહાર અને નિર્જળ કરીને કરવામાં આવે છે. આ વ્રતમાં પાણી પીવાનું વર્જિત ગણાયું છે. માટે તેને નિર્જળા એકાદશી તરીકે ઓળખવામાં આવે છે. આ વ્રત મન પરનો સંયમ શીખવે છે તેમજ શરીરને નવી ઊર્જા પ્રદાન કરે છે. કહેવાય છે કે નિર્જળા એકાદશીનું વ્રત કરવાથી આરોગ્યની વૃદ્ધિ થાય છે અને ઉત્તમ લોકની પ્રાપ્તિ થાય છે.

## નિર્જળા એકાદશીની મંત્રસાધના કરવાની માહિતી

નિર્જળા એકાદશીના પાવન દિવસથી ભગવાન વિષ્ણુની આરાધના કરવા માટે આજે હું આપને ૯ દિવસની મંત્રસાધના આપી રહ્યો છું.

સૌપ્રથમ નીચે આપેલ મંત્રની એક માળા કરવી. ત્યારબાદ ૐઋષિ રચિત શ્રીમદ્ ભાગવત્ ચાલીસાનો પાઠ એકવાર કરવો.

| | | |
|---|---|---|
| સાધના કેટલા દિવસ કરવી? | : | આ સાધના ૯ દિવસ કરવી. વચ્ચે કોઈ કારણસર દિવસ પડે તો ચિંતા ન કરતા કુલ ૯ દિવસ ગણીને સાધના પૂર્ણ કરવી. |
| સાધના કરવાનો સમય | : | આખા દિવસમાં ગમે ત્યારે કરી શકાય. |

**મંત્ર :**

**॥ ૐ સર્વદા સર્વદા વિષ્ણુદેવાય નમો નમઃ ॥**

॥ ૐ નમઃ ॥

### આજીવિક ધર્મના પુનઃઉત્થારક
### જગતગુરુ મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮
### પ. પૂ. સંતશ્રી સદ્ગુરુ ૐઋષિ સ્વામી "ૐગુરુ"ની પાવન નિશ્રામાં
### અમદાવાદમાં યોજાયેલ

# ૐ શ્રી બજરંગબલી શક્તિ સાધના

આ દિવ્ય અલૌકિક સાધનાનો કાર્યક્રમ અમદાવાદમાં અન્નપૂર્ણા હોલ, પાલડી ખાતે તા.૨-૪-૨૦૨૬, ગુરૂવારના રોજ પરમ પૂજ્ય ગુરુજીની પાવનનિશ્રામાં યોજવામાં આવેલ. આ સાધનામાં ભક્તોએ ખૂબ જ શ્રદ્ધાપૂર્વક લાભ લીધેલ. ૐગુરુના મંત્ર-મંત્રશક્તિપાતના સમન્વય સાથે આ દિવ્ય સાધના કરાવવામાં આવેલ. આ અલૌકિક સાધનામાં બેસવાનો લાભ લઇ ભક્તોએ ધન્યતાનો અનુભવ કરેલ.














### આજીવિક ધર્મના પુનઃઉત્થારક
### જગતગુરુ મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮
### પ. પૂ. સંતશ્રી સદ્‌ગુરુ ૐઋષિ સ્વામી "ૐગુરુ"ની પાવન નિશ્રામાં
### ભરૂચમાં યોજાયેલ

# નિઃશુલ્ક મંત્રથેરાપી દરબાર

આ કાર્યક્રમ **ભરૂચમાં તા.૧૨-૪-૨૦૨૬, રવિવાર**ના રોજ યોજવામાં આવેલ. ૐગુરુ દ્વારા કરાવવામાં આવતી મંત્રથેરાપી દ્વારા તકલીફો પીડાઓ દૂર થઇ મનુષ્ય પોતાનું જીવન નોર્મલ અવસ્થામાં જીવી શકે એ હેતુથી આ દરબાર યોજવામાં આવેલ. આર્થિક-શારીરિક-માનસિક-સામાજિક આવા અલગ-અલગ પ્રશ્નોના સમાધાન મંત્રથેરાપીથી દૂર થાય એ માટે પરમ પૂજ્ય ગુરુજીના સાનિધ્યમાં ભક્તોએ ખૂબ જ શ્રદ્ધાપૂર્વક લાભ લીધેલ. ૐગુરુના મંત્ર-મંત્રશક્તિપાત-સિદ્ધ વસ્તુઓ-ચાલીસાના સમન્વય સાથે પ્રશ્નોનું સમાધાન આપી ૐગુરુએ લોકકલ્યાણનું અનોખું અને નોંધપાત્ર કાર્ય કર્યું જેનો હોલમાં હાજર દરેક લોકોએ ૐગુરુનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરેલ અને ધન્યતાનો અનુભવ કરી એમના દિવ્ય આશીર્વાદનો લાભ લીધેલ.









# દુનિયાના કોઇપણ દેશમાં જવામાં આવતી અડચણમાંથી મુક્તિ મેળવવા માટેની ચમત્કારિક મંત્ર ગુરુચાવી

મનુષ્ય સ્વીકારે કે ના સ્વીકારે આજના યુગમાં સંસારચક્રનો કોઇપણ ભૌતિક પ્રશ્ન જ્યારે યક્ષ પ્રશ્ન બની જાય ત્યારે તેનું સમાધાન ખૂબ જ અનિવાર્ય બની જાય છે.

આવી જ એક સત્ય ઘટના સાથે આપ સૌનો પરિચય કરાવવાનું મને યોગ્ય લાગતા આપને હું કરાવી રહ્યો છું.

2017 ડિસેમ્બરમાં મુંબઇમાં અંધેરી ખાતે રહેતા એક દંપતિ અમદાવાદ મને મળવા માટે આવ્યા. દંપતિનો પ્રશ્ન એકદમ અલગ અને ઝડપી સમાધાન માંગે એવો હતો. દંપતિની અમેરિકા જવા માટે ફાઇલ મુકવામાં આવી હતી. જેમાં દંપતિએ એમના બંન્ને પુત્રોના નામ સમાવેલા હતાં. મને મળ્યા ત્યારે બંન્ને પુત્રોમાં એક પુત્ર 18 વર્ષનો અને એક પુત્ર 16 વર્ષની ઉંમર ધરાવતા હતાં. ક્રમ મુજબ એમની ફાઇલ ખુલવી જોઇતી હતી. પરંતુ કોઇપણ કારણસર એ ફાઇલ ખુલતી ન હતી. સમસ્યા એવી હતી કે પતિના પિતાએ અમેરિકામાં ડીપાર્ટમેન્ટલ સ્ટોર ખરીધો હતો અને એમણે જ પોતાના પુત્ર અને એમના પરિવાર માટે ફાઇલ મુકી હતી.

હવે જો ઝડપથી ફાઇલ ના ખુલે તો અમેરિકામાં ડીપાર્ટમેન્ટલ સ્ટોર સાંભળવા માટે કોઇ હતું નહીં અને નુકસાન મોટું થાય એવું હતું.

બસ આ જ પ્રશ્નના ઉકેલ માટે તેઓ મુંબઇથી અમદાવાદ મને મળવા માટે આવ્યા હતા. દંપતિનો પ્રશ્ન સાંભળી મેં એમની મુખમુદ્રા અને ઓરાનો અભ્યાસ કરી મંત્રસાગરમાંથી ચમત્કારિક મંત્રરૂપી મોતી આપ્યું.

મંત્ર અને ૐકાર ચાલીસા લઇ દંપતિ મુંબઇ પરત ફર્યા. મંત્ર શરૂ કર્યાના બે મહિનાની અંદર એમની ફાઇલ સાથે જોડાયેલી બે બાબતોની જાણકારી અમેરિકાની એમ્બેસીમાંથી માંગવામાં આવી.

ફાઇલ બાબતમાં આવેલ પ્રશ્નથી દંપતિ ગભરાઇ ગયું અને મને ફોન કર્યો. મેં એમને કહ્યું કે આપ ચિંતા વગર અમેરિકા એમ્બેસીએ પૂછેલા પ્રશ્નોના જવાબ આપી દો. આપને વાંધો આવશે નહીં.

પ્રશ્નના જવાબ આપ્યાના 15 દિવસમાં જ એમની ફાઇલનો પોઝીટીવ જવાબ આવી ગયો અને 2018માં તેઓ સહપરિવાર અમેરિકા ગયા.

અમેરિકા જતાં પહેલા પૂરો પરિવાર મને મળવા અમદાવાદ આવ્યો. મારા આશીર્વાદ લઇ દંપતિએ મને કહ્યું કે ગુરુજી આપે આપેલા મંત્રથી અમારા જીવનમાં જે ચમત્કાર થયો છે એ ચમત્કાર અમે અમારા જીવનમાં ક્યારેય ભૂલી શકીશું નહીં.

આપના આશીર્વાદ સદાય અમારા પરિવાર પર રાખજો.

આપ પણ કોઇપણ દેશમાં જવા માંગતા હોવ અથવા તો રહેતા હોવ કે આવા કોઇ જટીલ પ્રશ્નથી ઘેરાયેલા હોવ તો આ પ્રશ્નમાંથી બહાર નીકળવા માટે હું આપને ચમત્કારિક મંત્ર આપી રહ્યો છું.

**મંત્ર**

**|| ૐ વવલ્યાની વૃજાક વૃજાક નમઃ ||**

ઉપર આપેલ મંત્ર 3 (ત્રણ) વખત કરી ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ એકવાર કરવો. આ મંત્ર કોઇપણ સમયે કરી શકાય.

★

# જમીન-મકાન વેચવામાં આવતી અડચણ દૂર કરવા માટેની ચમત્કારિક મંત્ર ગુરુચાવી

મનુષ્યનાં જીવનમાં મુશ્કેલી અને તકલીફો આવે ત્યારે તેનો નીડરતાથી સામનો કરે એનું નામ જ સફળ મનુષ્ય. કુદરતે દરેકનાં જીવનમાં કંઈ ને કંઈ તકલીફ તો આપો જ છે અને એટલે જ કુદરતની તાકાત સામે અમેરિકા જેવી મહાસત્તા પણ કુદરતી આવતા વાવાઝોડાને નિઃસહાય બનીને જ સહન કરી લે છે. બહારથી ખુશ દેખાતો મનુષ્ય સંપૂર્ણ સુખી હોતો જ નથી કારણકે મનુષ્યની અનંત ઈચ્છાઓ તેને પોતાને ક્યારેય ખુશ રહેવા દેતી જ નથી.

ઘણીવાર મનુષ્ય જીવનમાં એવા પડાવ ઉપર આવી જાય છે કે એના જીવનમાં પ્રોબ્લમો અને તકલીફો હોવા છતાં પણ બીજા લોકોની નજરે એ મનુષ્ય સુખી દેખાતો હોય છે. કેટલીકવાર એવું બને છે કે માનવી પાસે હાથમાં રોકડા રૂપિયા અથવા તો દાગીના જેવી જંગમ મિલકત હોતી નથી પરંતુ જમીન અને મકાન જેવી સ્થાવર મિલકત હોય છે અને જ્યારે એ મનુષ્ય પોતાની સ્થાવર મિલકત વેચવા નીકળે છે ત્યારે એની જરૂરિયાત કરતા ઓછા રૂપિયા મળતા હોય છે અથવા તો બીજી તકલીફો નડતી હોય છે. મનુષ્યને પોતાની સ્થાવર મિલકત વેચવાની જરૂરિયાત ઊભી થવાના અનેક કારણો હોય છે. દાખલા તરીકે પોતાની પ્રતિષ્ઠા બચાવવી હોય, ભાઇઓ ભેગા રહેતા હોય અને અલગ થવું હોય, માથા પર દેવું હોય, વારસાગત પ્રોપર્ટીમાં અણબનાવ આવા અનેક કારણો હોય છે. મંત્રસાગર જેવા અમોઘ શસ્ત્ર દ્વારા મનુષ્યનાં આવા પ્રોબ્લમોનું પણ નિવારણ થઈ શકે છે. પણ એના માટે મનુષ્યએ મંત્રશક્તિનાં અમોઘ શસ્ત્રનો ઉપયોગ કરવો જરૂરી છે અને તેના પર આસ્થા રાખવી પણ મહત્વ ની વાત છે.

ઓગષ્ટ ૨૦૧૭માં એક પતિ-પત્નિ તેમની જમીન નહી વેચાતી હોવાના પ્રશ્નને લઇને મારી પાસે આવ્યા. તેઓએ વંદન કરતા કહ્યું કે 'ગુરુજી અમે અત્યારે ઘણી મુસીબતમાં છીએ. પતિએ કહ્યું કે ગુરુજી વાત એવી છે કે મેં એક મોટી ટાયર કંપનીના ટાયરની ડીસ્ટ્રીબ્યુટરશીપ લીધી છે. તેના વેચાણ માટે મેં એક દુકાન ખરીદેલ છે. આ દુકાનની રકમ ચુકવવા માટે મેં મારી જમીન વેચવા કાઢેલ છે. દુકાનના અડધા રૂપિયા મેં ચુકવી દીધા છે પણ બાકીનાં રૂપિયા જો આ જમીન વેચાય તો જ હું ચૂકવી શકું એમ છું. મારી પાસે આ જમીન વેચીને રૂપિયા ચુકવવા સિવાય બીજો કોઈ રસ્તો નથી. લોન લઈને હપ્તા ભરી શકું એવી પરિસ્થિતિ હજુ છે નહિ કારણ કે ધંધો હજુ હમણાં બે મહિનાથી જ ચાલુ કર્યો છે. જે ભાઇ પાસેથી મેં દુકાન લીધી છે તેણે મને જે સમયમર્યાદા આપી છે તે પૂરી થઇ ગઇ હોવાથી રોજ ઉઘરાણી કરે છે. જો મારી આ જમીન નહીં વેચાય તો મારો ધંધો પડી ભાંગશે અને હું બેકારની સાથે દેવાદાર થઇ જઇશ. ગુરુજી આ જમીન વેચાઈ જાય તો હું દુકાનના બાકી પૈસા ભરી શકું અને બીજા જે પૈસા વધે એમાંથી હું મારા ધંધાને વધારી આર્થિક રીતે સુખી થઇ શકું. ગુરુજી, આપ કૃપા કરી કોઇ એવો રસ્તો બતાવો કે જેથી મારી જમીન વેચાઇ જાય અને હું દુકાનની બાકીની રકમ ચૂકવી શકું'.

મેં એ દંપતીની વાત સાંભળી અને પતિની મુખમુદ્રા અને ઓરા જોઇને કહ્યું કે 'આપની જમીન વેચાઇ જાય અને

તમારા માથે કોઈ દેવું ના રહે એ માટે આપને હું મંત્રસાગરમાંથી અમૂલ્ય મોતીરૂપી મંત્ર આપું છું. આ મંત્રના માધ્યમથી આપની જમીન અચૂકપણે વેચાઇ જશે'.

થોડા સમય પછી એ પતિ-પત્નિ મને ફરી મળવા આવ્યા અને મને સાષ્ટાંગ દંડવત પ્રણામ કરતા કહ્યું કે 'ગુરુજી આપે આપેલ મંત્ર એ મારા જીવનમાં ખરેખર એક ચમત્કાર સર્જ્યો છે. આપના આશીર્વાદ અને મંત્રના માધ્યમથી મારી જમીન વેચાઈ ગઈ છે અને જેમ જેમ જમીનના પૈસા આવતા જાય છે તેમ તેમ દુકાનનાં પૈસા ચૂકવતો જઉં છું'. તેઓએ આગળ કહ્યું કે 'ગુરુજી મંત્રશક્તિના માધ્યમથી મેં મારા જીવનમાં પહેલીવાર ચમત્કાર જોયો. મારા માટે આ વાત ચમત્કાર જ છે. આપના આશીર્વાદ મારા ઉપર સદાય રાખજો.

આપને પણ જાણવાની ઇચ્છા થતી હશે કે એ ભાઇને આપેલ ચમત્કારિક મંત્ર કયો છે?

મંત્ર

|| ૐ ભૂમિકા ત્રિપાત્ય ત્રિપાત્ય વાદમ નમઃ ||

આ મંત્ર રોજ ૩ વખત ગણી અને ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો એકવાર પાઠ કરવો. આ મંત્ર આપ કોઈપણ સમયે કરી શકો છો. આ મંત્રથી આપને આપની કોઈપણ મિલકત વેચવામાં ચોક્કસ સફળતા મળશે જ.

★

સદ્‌ગુરુ ૐઋષિ દ્વારા આ ચેનલ ઉપર દરેક પ્રશ્નોના સમાધાન માટે અલગ - અલગ મંત્ર પ્રશ્નોનાં સમાધાન માટે આપેલ છે, માટે આ ચેનલ અચૂક જોવી, સબસ્કાઇબ કરી બેલ આઇકન (ઘંટડી) ઉપર કલીક કરવું.



જગતગુરુ મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર 1008
પ.પૂ. સંતશ્રી સદ્‌ગુરુ ૐઋષિ સ્વામી

અમારા નવા વિડીયો મેળવવા માટે સબસ્ક્રાઈબ કરો.

YouTube

સ્ટેપ- ૧ યૂ ટયૂબ ચેનલ પર કલીક કરો
સ્ટેપ- ૨ ટાઇપ કરો "SADGURU OMRUSHI"
સ્ટેપ- ૩ "SADGURU OMRUSHI" પર કલીક કરો
સ્ટેપ- ૪ SUBSCRIBE બટન કલીક કરો અને Bell ની નિશાનીને દબાવો.

સદ્‌ગુરુ ૐઋષિ દ્વારા રચિત રોજનો પવિત્ર શબ્દ નીચે આપેલ ચેનલ ઉપર આપ નિહાળી શકો છો.

# દાદા-દાદી કીટ વિતરણ એવા પુણ્યના કાર્યમાં

## જે દાતાશ્રીઓએ લાભ લીધો છે.

## ૐકાર ફાઉન્ડેશન ટ્રસ્ટ તેમનો ખૂબજ આભાર પ્રગટ કરે છે.

એવા દંપતિ કે જેમની ઉંમર છે અને તેમના સંતાનોને રાખવા કે સાચવવા તૈયાર નથી અને તેઓ પોતાના ઘરમાં રહે છે. પરંતું, તેમની ખૂબજ મર્યાદિત આવકમાં તેમનું જીવન ચલાવવુ ખૂબજ મુશ્કેલ છે. આવા દંપતિને 3 મહિનાની અનાજની કીટ આપીને આપણે સમાજને જ સમાજનું પાછું અર્પણ કરીએ છીએ એવી ભાવના સદ્‌ગુરુ ૐઋષિની છે. સમાજે આપણને આપ્યું અને આપણે સમાજને અર્પણ કરીએ છીએ.

## દાદા-દાદી કિટ વિતરણ દાતાઓનાં નામ

1. શ્રી જીજ્ઞેશભાઈ એ. કારીયા - રાજકોટ
2. શ્રીમતી ભક્તિબેન એ. પોપટ - રાજકોટ
3. શ્રીમતી હિનાબેન એલ. વિઠલાણી - રાજકોટ
4. સ્વ. શ્રી અનંતરાય છોટાલાલ ખીમાણી - રાજકોટ
5. શ્રી દિલિપભાઈ એમ. દાવડા - જામનગર
6. શ્રી પ્રકાશભાઈ ચગ. - રાજકોટ
7. સ્વ. શ્રી મિરલભાઈ એચ. સાતા - રાજકોટ
8. શ્રી મનોજભાઈ ડી. કક્કડ - રાજકોટ
9. શ્રી પાર્શ્વ ભાવિનભાઈ ઘુઘુ - રાજકોટ
10. શ્રી અજયભાઈ તન્ના - ગોંડલ
11. શ્રી રાજુભાઈ વી. ખીમાણી – રાજકોટ
12. શ્રી જીજ્ઞેશભાઈ બગડાઈ – ગોંડલ
13. શ્રીમતી કવિતાબેન કે. ખીમાણી – ગોંડલ
14. શ્રી જીતુભાઈ એ. ખીમાણી – રાજકોટ
15. શ્રી અંશ. એન. કાનાણી – રાજકોટ
16. શ્રી પરેશભાઈ કે. મોદી – રાજકોટ
17. શ્રી વિનુભાઈ ડી. દતા – પોરબંદર
18. શ્રીમતી પારુલબેન પ્રકાશભાઈ સવમણી – રાજકોટ
19. શ્રી ભરતભાઈ દતા

# પૃથ્વીલોકથી મોક્ષલોક અને ઈન્દ્રલોક સુધી લઈ જનાર ક્રિયા એટલે

# ૐકાર ત્રિત્રાંશ ક્રિયાયોગ

આપની તકલીફો માંથી મુક્ત થવા માટે
આજે જ આ ક્રિયા યોગ માં જોડાઓ



**ૐકાર ત્રિત્રાંશ ક્રિયાયોગમાં જોડાનાર સાધકને આપવામાં આવનાર શાસ્ત્રોક્ત સિદ્ધ સાધન**

| | | |
|---|---|---|
| (૧) ૐકાર મેરુશક્તિ પૃષ્ઠ | (૨) ૐકાર ત્રિશક્તિ ક્રિયાયોગ ચક્ર | (૩) ૐકાર શુભલક્ષ્મી ક્રિયાયોગ ચક્ર |
| (૪) ૐકાર કુંડલિની ક્રિયાયોગ ચક્ર | (૫) ૐકાર શક્તિ ચક્ર | (૬) ૐકાર ત્રિત્રાંશ ચક્ર |

ઈશ્વરીય શક્તિ અને ઊર્જાથી સિદ્ધ કરવામાં આવેલા ચક્રનો ઉપયોગ આપ સાધકોએ કેવી રીતે કરવો એ ક્રિયાયોગમાં શીખવાડવામાં આવશે.

**સંપર્ક સૂત્ર: 9537220959, 9429208997**



|| ૐ નમઃ ||

## દિવ્ય મલમથી ચમત્કાર થયો

રાજકોટમાં મંત્રથેરાપી દરબારમાં મેં ભાગ લીધો હતો. શેરબજારમાં હું વર્ષોથી કામ કરું છું પરંતુ છેલ્લા ચાર વર્ષથી પૈસાની આવક કરતા જાવકમાં પુષ્કળ વધારો થયો છે. અકીલા ન્યૂઝપેપરમાં મંત્રથેરાપી દરબાર વિશે વાંચી અને મેં આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. આ જ કાર્યક્રમમાં જમણા હાથની હથેળી પર લક્ષ્મી મલમ લગાડવા માટે આપવામાં આવેલ.

મેં બીજા જ દિવસથી એટલેકે ૧૬ માર્ચ, ૨૦૨૬ સોમવારના દિવસથી મંત્રથેરાપી દરબારમાં આપેલી પ્રક્રિયા કરી અને શેરબજારનું કામ કર્યું. બસ તે દિવસથી જ્યારે હું આ આર્ટીકલ મોકલી રહ્યો છું ત્યારથી આજ દિન સુધી સતત મને નફો મળી રહ્યો છે. બસ આ જ રીતે આર્થિક પ્રગતિ અને વિકાસ થતો રહે અને ચમત્કારિક મલમ પ્રગતિ આપ્યા કરે અને સમાજસેવાના કાર્ય પરમ પૂજ્ય ગુરુજીના આશીર્વાદથી હું કરી શકું એવી પ્રાર્થના સાથે ૐ નમઃ .....

લી. દિલીપભાઇ (રાજકોટ)

## શ્રદ્ધાની જીત થઇ

હું ક્ષેત્રપાળવીરના દર્શન માટે ૐકારધામ તીર્થ પાનવા છેલ્લા એક વર્ષથી જઇ રહી છું. એક વર્ષમાં અમારા જીવનના ઘણાં મોટા કાર્યો સિદ્ધ થયા છે. હું મારી નિકટની મિત્ર વૈશાલીને પહેલી જ વખત દર્શન કરાવવા લઇ ગઇ. સાથે એના દીકરા દિવ્યને પણ લઇ ગયા હતા કારણકે તેને કાને ઓછું સંભળાતુ હતું.

ડૉક્ટરોના કહેવા પ્રમાણે આ ખામી એને આજીવન રહેશે. પરંતુ પહેલી જ વખત અમે ત્યાં મનોકામના કરી, વૈશાલીએ દિવ્યને દર્શન કરાવડાવ્યા, પરમ પૂજ્ય ગુરુજીના મંત્રશક્તિપાત સાંભળ્યા. એના બે જ મહિનામાં ડૉક્ટરોના કહેવા પ્રમાણે જે કાનમાં પ્રોબ્લેમ હતો એ અચાનક દૂર થઇ ગયો.

મેડીકલ સાયન્સ પ્રમાણે એક લાખમાં એક કેસમાં આવું મીરેકલ થઇ શકે. મેં વૈશાલીને કીધું કે હવે તું જ નક્કી કર કે ત્રણ વર્ષથી જે દવાઓથી પતતું ન હતું એ કાનના પ્રશ્નનું સમાધાન ક્ષેત્રપાળવીરની ચમત્કારિક ઊર્જાથી થયું. વૈશાલીની અત્યંત પ્રસન્નતા અને એના જીવનમાંથી દુઃખ ગયું, દિવ્યના કાનની બહેરાશ ગઇ અને મારી શ્રદ્ધા ફળી.

લી. નિકીતા (સુરત)

## મંત્રશક્તિપાતથી કાર્ય સિદ્ધ થયું

પરમ પૂજ્ય ગુરુજીએ યુ-ટ્યુબ ઉપર દુંડકદેવનો મંત્રશક્તિપાત આપ્યો છે. એ મંત્રશક્તિપાત મારા જીવનમાં જાણે કોઇ ચમત્કાર બનીને આવ્યો છે. છ વર્ષ પહેલા પહેલીવાર મેં આ મંત્રશક્તિપાત સાંભળ્યો હતો, ત્યારથી રોજ આ મંત્રશક્તિપાત દિવસમાં બે થી ત્રણવાર સાંભળું છું.

આ મંત્રશક્તિપાતે મને આર્થિક રીતે ધરતી પરથી આસમાન પર પહોંચાડી દીધો છે. તમે કલ્પી પણ નહીં શકો એવા કાર્યો આ મંત્રશક્તિપાતથી ઘરેબેઠા મેં પ્રાપ્ત કર્યા છે. પરમ પૂજ્ય ગુરુજીની દરેક ચાલીસા હું શ્રવણ કરું અને દુંડકદેવના મંત્રશક્તિપાતનું શ્રવણ કરું એ છ વર્ષથી મારો નિત્ય ક્રમ બની ગયો છે. આપ પણ આપના જીવનમાં પરિવર્તન કરવા માંગતા હોય તો તમે પણ આ મંત્રશક્તિપાત શ્રવણ કરો. પરમ પૂજ્ય ગુરુજી સદાય મારી સાથે રહે એવા એમના શ્રીચરણોમાં પ્રાર્થના...

લી. ધર્મેશભાઇ (અમદાવાદ)

## સરકારી કામમાં સફળતા મળી

છેલ્લા કેટલાય વખતથી હું ગવર્મેન્ટના કામોના ટેન્ડરો ભરું છું, પરંતુ મારા જીવનમાં નવો વળાંક ત્યારે આવ્યો જ્યારે હું પરમ પૂજ્ય ગુરુજીને રૂબરૂ મળ્યો. એમણે મારી મુખમુદ્રા અને ઓરા જોઇને કહ્યું કે તમને "વિતાલ પ્રકલ દોષ" છે. જેના કારણે આર્થિક ઉપાર્જન સરળતાથી થઇ શકતું નથી. એમણે મને દિવ્ય મંત્ર આપ્યો. મંત્ર હતો ॥ૐ સપલ્ય સપલ્ય લક્ષ્મીતા નમઃ॥ આ મંત્ર એકવાર કરી ૐકાર ચાલીસા, શ્રી નવદુર્ગા ચાલીસા અને ૐ શ્રી ૧૨ જ્યોતિર્લિંગ ચાલીસા એક-એક વાર કરવા કહ્યું હતું.

આ પ્રક્રિયા શરૂ કર્યા બાદ અનાયાસે કામના રસ્તા ખુલવા લાગ્યા. ટેન્ડરો મારા ફેવરમાં ખુલવા લાગ્યા અને છેલ્લા ત્રણ વર્ષમાં સરકારી ટેન્ડરના કારણે મારા જીવનમાં મને ખૂબ જ પ્રગતિ મળી છે. પરમ પૂજ્ય ગુરુજીએ આપેલા મંત્રને હું નિત્યક્રમે કરું છું. ગુરુજીના ચરણોમાં કોટિ કોટિ વંદન...

લી. નિશાંત (અમદાવાદ)

## મંત્રથેરાપી દરબારથી મારી શારીરિક પીડા દૂર થઇ

સપ્ટેમ્બર-૨૦૨૫માં અમદાવાદ ખાતે યોજાયેલ મંત્રથેરાપી દરબારમાં મેં ભાગ લીધો હતો. એ વખતે હું શારીરિક પીડાથી ખૂબ જ પરેશાન રહેતી હતી. જ્યાં સુધી દવાની અસર રહે ત્યાં સુધી દુઃખાવા દૂર થઇ જાય પરંતુ દવાની અસર ઉતરે એટલે દુઃખાવા પાછા શરૂ થઇ જાય. મારી

મિત્ર કાશ્મીરાએ મને મંત્રથેરાપી દરબારમાં ભાગ લેવા માટે કહ્યું.

"ડૉક્ટરની દવાઓથી ફરક નથી પડતો તો મંત્રથેરાપી દરબારથી ફરક પડશે?" મેં એને પૂછ્યું.

"જો સુનીતા લાખો રૂપિયાની દવા કામ ના કરે ત્યાં ચપટી ધૂળ પણ કામ કરે છે એવું ગુરુજી હંમેશા કહે છે. તો એકવાર પ્રયત્ન કરવામાં નુકસાન શું છે.?" કાશ્મીરાએ મને વળતો જવાબ આપ્યો હતો.

મારા ગળે વાત ઉતરી ગઇ અને મેં મંત્રથેરાપી દરબારમાં ભાગ લીધો. પરમ પૂજ્ય ગુરુજીના દિવ્ય મંત્રો, મંત્રશક્તિપાત અને દિવ્ય બામથી મારી શરીરની બધી પીડાઓ દૂર થઇ ગઇ. મારા જીવનમાં મેં અનુભવેલો આ પહેલો ચમત્કાર છે. આજે હું દુઃખાવામુક્ત જીવન જીવી રહી છું. મારા પતિ નાસ્તિક છે, પરંતુ મારા શરીરની પીડાઓ દૂર થઇ ગઇ એ જોઇને એ પણ ગુરુજીને મળ્યા અને એમની ૪૫ વર્ષની જિંદગીમાં પહેલીવાર મંત્ર અને ચાલીસા પર એક સોલ્યુશન તરીકે વિશ્વાસ કરતા થયા. એમને મંત્ર અને ૐકાર ચાલીસા કરતા જોઉં છું ત્યારે મને ખૂબ જ નવાઇ લાગે છે. ગુરુજીના ચરણોમાં વંદન...

લી. સુનીતા (અમદાવાદ)

## ડિપ્રેશનમાંથી બહાર આવી ગઈ

છેલ્લા છ મહિનાથી હું માનસિક રીતે હતાશામાં જીવી રહી હતી. મારી સાઇકિયાટ્રીસની દવા પણ ચાલતી હતી. બરાબર એ જ વખતે મેં રાજકોટમાં યોજાયેલ મંત્રથેરાપી દરબારમાં ભાગ લીધો. મંત્રથેરાપી દરબારમાં એક સિદ્ધ સ્ટોન આપવામાં આવેલ જેનાથી માનસિક અને શારીરિક પ્રશ્નોના સમાધાન થાય. એ સ્ટોન મેં રોજ મારા આજ્ઞાચક્ર પર રોજ સવાર-બપોર ને સાંજ લગાડવાનું શરૂ કર્યું. અને ધીમે-ધીમે મારું ડિપ્રેશન ઓછું થતું ગયું. ડૉક્ટરે પણ દવાઓ ઓછી કરી નાખી. મારા મનમાં જીવન જીવવાનો જે રસ ઉડી ગયો હતો એ રસ પાછા આવ્યો, હું ખુશ રહેવા લાગી.

મારા પતિએ મને પૂછ્યું કે "તું આટલી ડિપ્રેશનમાંથી જલ્દી બહાર કઇ રીતે આવવા લાગી?"

ત્યારે મારા મુખમાંથી નીકળી ગયું કે "જ્યારે હું દુઃખી થઉં છું ત્યારે આંખ બંધ કરીને ગુરુજીનો ચહેરો યાદ કરી લઉં છું. જો એ આટલી શારીરિક પીડા વચ્ચે પણ હસી શકે છે તો આપણી પાસે તો બધું જ છે. ગુરુજી પોતે જ પ્રેરણાનો એક સ્રોત છે." ગુરુજીના ચરણોમાં કોટી કોટી વંદન...

લી. વંદના (રાજકોટ)

★ ★ ★

# પ્રોફેશનલ વ્યક્તિઓ માટે, છૂટક વસ્તુના વેપારી માટે, ઉત્પાદક માટે, જથ્થાબંધ માલના વેપારી માટે, નોકરિયાત માટે અને વિદ્યાર્થી માટે

## પ્રોફેશનલ વ્યક્તિઓ માટે :

આ મહિના દરમિયાન વાદળી વસ્ત્રમાં ચોખાના ચાર દાણા અને ચપટી મીઠું મુકી તેની પોટલી બનાવી જ્યારે કામ માટે કે ઓફિસ જાઓ ત્યારે ખિસ્સામાં રાખીને જવું અને એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરીને જવું. આ પ્રક્રિયાથી આપના કાર્યમાં વિઘ્ન આવશે નહિ અને કાર્ય સફળ થશે.

## છૂટક વસ્તુના વેપારી માટે :

રીટેલરનો ધંધો કરતા વ્યક્તિઓએ આ મહિને લાલ વસ્ત્રમાં ઘઉંના ચાર દાણા અને ચપટી મીઠું મુકી તેની પોટલી બનાવી દુકાનના કેશ કાઉન્ટરમાં મુકી રાખવું અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. જેનાથી આપના ધંધામાં ચમત્કારિક ફાયદો થશે.

## ઉત્પાદક માટે :

ઉત્પાદનના કાર્ય સાથે સંકળાયેલ વ્યક્તિઓએ આ મહિને સફેદ વસ્ત્રમાં મગના ચાર દાણા અને ચપટી મીઠું મુકી તેની પોટલી બનાવી કેશ કાઉન્ટરમાં મુકી દેવી અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. આ પોટલી બદલવાની નથી. આખો મહિનો એ જ જગ્યાએ રાખવાની છે. જેનાથી આપના ઉત્પાદનનાં કાર્યમાં સફળતા મળશે અને ધંધામાં ચમત્કારિક પ્રગતિ થશે.

## જથ્થાબંધ માલના વેપારી માટે :

હોલસેલના ધંધા સાથે સંકળાયેલા વ્યક્તિઓએ આ મહિના દરમ્યાન કેસરી વસ્ત્રમાં વાલના ચાર દાણા અને ચપટી મીઠું મુકી તેની પોટલી બનાવી દુકાનના કેશ કાઉન્ટરમાં અથવા તો પોતાના ખિસ્સામાં રાખવી અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. આમ આ પ્રક્રિયા નિયમિત કરવાથી આપના હોલસેલનાં ધંધામાં વધારો થશે.

## નોકરિયાત માટે :

નોકરી કરતા વ્યક્તિઓએ સફેદ વસ્ત્રમાં કઠોળ ચણાના ચાર દાણા અને ચપટી મીઠું મુકી તેની પોટલી બનાવી જ્યારે નોકરીએ જાઓ ત્યારે એ પોતાની ઓફિસ બેગમાં અથવા ઓફિસના ખાનામાં રાખવું અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. મહિના સુધી આ જ પોટલી રાખવાની છે, રોજ નવી બનાવવાની નથી. આ પ્રક્રિયાથી નોકરીમાં આપના ઇચ્છિત કાર્યની સિદ્ધિ થશે.

## વિદ્યાર્થી માટે :

વિદ્યાર્થીઓએ લીલા વસ્ત્રમાં કઠોળ તુવેરના ચાર દાણા અને ચપટી મીઠું મુકી તેની પોટલી બનાવી પોતાના ભણવાની બેગમાં અથવા તો દફ્તરમાં આ મહિના દરમ્યાન રાખી મુકવી અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. જેનાથી આપનું ભણવામાં ધ્યાન કેન્દ્રિત થશે અને સફળતાની પ્રાપ્તિ થશે.

ઉપર આપેલ પ્રક્રિયા દરેક જણે ૩૦ દિવસ સુધી નિયમિત કરવી. ૩૦ દિવસ પછી નવા અંકમાં નવી પ્રક્રિયા આપવામાં આવશે. પછી એ નવી પ્રક્રિયા ચાલુ કરવી અને જૂની પ્રક્રિયા બંધ કરી દેવી. આ રીતે બાર મહિના સુધી અલગ-અલગ પ્રક્રિયા કરવાથી આપના કાર્યને વધુ ઝડપ મળશે તથા નામના, માન, કીર્તિ અને પ્રતિષ્ઠામાં વધારો થશે.

**✦ ખાસ નોંધ ✦**

જે પ્રક્રિયાથી આપને સફળતા મળે એ પ્રક્રિયા કાયમ ચાલુ રાખી શકાય અને જોડે નવી પ્રક્રિયા પણ કરી શકાય.

# સદ્ગુરુ ૐઋષિ રચિત પવિત્ર શબ્દોથી આ મહિનાના રોજેરોજના કાર્યમાં સફળતાની ગુરૂચાવી

| તારીખ | વાર | પવિત્ર શબ્દ | તારીખ | વાર | પવિત્ર શબ્દ |
|---|---|---|---|---|---|
| ૨૧-૫-૨૦૨૬ | ગુરુવાર | ૐ સૂર્યવિદન્ત્યદેવ | ૦૬-૬-૨૦૨૬ | શનિવાર | ૐ બુધસિદ્ધા |
| ૨૨-૫-૨૦૨૬ | શુક્રવાર | ૐ શ્રી ક્ષેત્રપાલવીર | ૦૭-૬-૨૦૨૬ | રવિવાર | ૐ પ્રવલ્યલક્ષ્મીદેવી |
| ૨૩-૫-૨૦૨૬ | શનિવાર | ૐ ગજશક્તિ | ૦૮-૬-૨૦૨૬ | સોમવાર | ૐ શક્તિમહાદેવ |
| ૨૪-૫-૨૦૨૬ | રવિવાર | ૐ શુંભાશુલક્ષ્મીદેવી | ૦૯-૬-૨૦૨૬ | મંગળવાર | ૐ દુર્ગેશ્વરીદેવી |
| ૨૫-૫-૨૦૨૬ | સોમવાર | ૐ ગજાંશુંલક્ષ્મીદેવી | ૧૦-૬-૨૦૨૬ | બુધવાર | ૐ સર્વતાલક્ષ્મી |
| ૨૬-૫-૨૦૨૬ | મંગળવાર | ૐ ત્રતા | ૧૧-૬-૨૦૨૬ | ગુરુવાર | ૐ બગલામુખીદેવી |
| ૨૭-૫-૨૦૨૬ | બુધવાર | ૐ શક્તિવ્ય | ૧૨-૬-૨૦૨૬ | શુક્રવાર | ૐ તારાદેવી |
| ૨૮-૫-૨૦૨૬ | ગુરુવાર | ૐ ઓમેશ્વર | ૧૩-૬-૨૦૨૬ | શનિવાર | ૐ ષોડશીદેવી |
| ૨૯-૫-૨૦૨૬ | શુક્રવાર | ૐ ઈન્દ્રદેવાય | ૧૪-૬-૨૦૨૬ | રવિવાર | ૐ ત્રિપુરાસુંદરીદેવી |
| ૩૦-૫-૨૦૨૬ | શનિવાર | ૐ ગુરુસિદ્ધા | ૧૫-૬-૨૦૨૬ | સોમવાર | ૐ માતંગીદેવી |
| ૩૧-૫-૨૦૨૬ | રવિવાર | ૐ શનિસિદ્ધા | ૧૬-૬-૨૦૨૬ | મંગળવાર | ૐ છિન્નમસ્તાદેવી |
| ૦૧-૬-૨૦૨૬ | સોમવાર | ૐ શુક્રસિદ્ધા | ૧૭-૬-૨૦૨૬ | બુધવાર | ૐ ધુમાવતીદેવી |
| ૦૨-૬-૨૦૨૬ | મંગળવાર | ૐ ચંદ્રસિદ્ધા | ૧૮-૬-૨૦૨૬ | ગુરુવાર | ૐ કમલાદેવી |
| ૦૩-૬-૨૦૨૬ | બુધવાર | ૐ રાહુસિદ્ધા | ૧૯-૬-૨૦૨૬ | શુક્રવાર | ૐ ભુવનેશ્વરીદેવી |
| ૦૪-૬-૨૦૨૬ | ગુરુવાર | ૐ કેતુસિદ્ધા | ૨૦-૬-૨૦૨૬ | શનિવાર | ૐ શિવાશંભુ |
| ૦૫-૬-૨૦૨૬ | શુક્રવાર | ૐ મંગલસિદ્ધા | | | |

॥ ૐ નમઃ ॥

# Karma Associates

TATA AIA LIFE INSURANCE

TATA AIG INSURANCE

## "All insurance in one umbrella."

Life · Health · Motor · Fire · Personal Accident

Project · Marine · Travel · Home

**Book your Appointment:**

**Bhavin Shah - 99255 94767 | Priti Vora - 99241 99190**

**karmaassociatesbhavinshah@gmail.com**

# Kalash Associates

- Car Loan
- Home Loan
- Business Loan
- Personal Loan
- Mortgage Loan
- Education Loan

**Book your Appointment:**

**Jinal Joshi - 7575816434**

**kalashassociates87@gmail.com**

**Golden opportunity to join our business... 99255 94767**

આજીવિક
ધર્મ
પુનઃઉત્થારક

ॐकार संप्रदाय
(धार्मिक आध्यात्मिक पथ)

# જાહેર આમંત્રણ

**બજરંગબલી ઊર્જા શક્તિના સમન્વયથી**

# મંત્ર થેરાપી દરબાર આણંદ





## નિઃશુલ્ક પ્રવેશ

**જગતગુરૂ મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર 1008 પ. પૂ. સંતશ્રી સદ્દગુરુ ૐઋષિસ્વામી**

મંત્ર થેરાપી દરબારમાં જે સમસ્યા માટે આપ આવ્યા છો. તેના સમાધાન માટે અલગ અલગ મંત્રથી સજ્જ દિવ્ય વસ્તુ આપવામાં આવશે.

★ આર્થિક સમસ્યા
★ શારીરીક સમસ્યા
★ માનસિક સમસ્યા
★ સામાજિક સમસ્યા
★ સંતાનને લગતી સમસ્યા

### દિવ્ય સિદ્ધ પ્રસાદરૂપી ભેટ

- કુબેર લક્ષ્મી મલમ
- શુભ લક્ષ્મી બ્રેસલેટ
- ઉર્જા ચક્ર સ્ટોન
- પીડા મુક્તિ બામ
- સિદ્ધ રક્ષા સૂત્ર
- સિદ્ધ લક્ષ્મી પેન્ડન્ટ
- પીડા મુક્તિ પાવડર
- ગેસ એસીડીટી - મુક્તિ મલમ

**24 મે, 2026**
**રવિવાર**

**ધીરજલાલ જે. શાહ ટાઉનહોલ**
કરમસદ આણંદ મહાનગરપાલિકા
આણંદ વિધાનગર રોડ, વિધાનગર - આણંદ

**બપોરે 3 થી 5**
**કલાક સુધી**

વહેલા તે પહેલાના ધોરણે આપનું નામ અને નંબર આપેલ મોબાઈલ નંબર
**ઉપર વોટસઅપ કરવું. સંપર્ક સૂત્રઃ 93763 34289**

|| ૐ નમઃ ||

# જાહેર આમંત્રણ

"દર્શન માત્ર સે મિટે કષ્ટ"

ૐકાર સંપ્રદાયના આર્ષદ્રષ્ટા અને સ્થાપક

જગતગુરુ મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮

પ.પૂ. સંતશ્રી સદ્‌ગુરુ ૐઋષિ સ્વામીના

**સૂર્યની ઊર્જા અને ચંદ્રની શક્તિ સાથેના સમન્વયમાં**

# સૂર્ય-ચંદ્ર પૂનમ મહાદર્શન



આજીવિક
**ધર્મ**
પુનઃ ઉત્થારક

ૐकार संप्रदाय
(धार्मिक आध्यात्मिक पथ)

**શુભ તારીખ**

28 જૂન, ૨૦૨૬
રવિવાર

**શુભ સ્થળ**

**અન્નપૂર્ણા હોલ,**

આંગી ફલેટની સામે, ન્યુ વિકાસ ગૃહ રોડ, પાલડી, અમદાવાદ

**શુભ સમય**

સવારે 10 થી
બપોરે 1 કલાક સુધી

સંપર્ક સૂત્રઃ 9429208997

E-mail ID : omkarsampraday@gmail.com
E-mail ID :info@sadguruomrushi.org
Website : www.sadguruomrushi.org

RNI GUJGUJ/2015/65690

Registered under Postal Registration No. AHD-C/64/2020-2022 valid up to 31st December-2022 issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 10th of every month' Date of Publication : 7th every month

Printed & Published by **KINJAL ASHOKKUMAR SHAH** on behalf of **'SEVA SAMARPAN FOUNDATION'** and Printed at Print Vision Pvt. Ltd., Print Vision House, Lane by jay Gujarat Fruit Center, Ambawadi Market, Ahmedabad - 380006 and published from 'Seva Samarpan Foundation', Gr. Floor, 001, Angi Flat, Opp. Annapurna Party Plot, New Vikas Gruh Road, Paldi, AHMEDABAD-380007. GUJARAT. Editor : **KINJAL ASHOKKUMAR SHAH**